# આવો, માતૃભાષાનું મહિમાગાન કરીએ....

- માતૃભાષા દિન નિમિત્તે

## સંક્ષિપ્ત સમાચાર

### રણાસણમાં જાનથી મારી નાખવાની ધમકી અપાતા પોલીસ ફરિયાદ

તલોદ તાલુકાના રણાસણ ગામે રહેતા જયેશ્વરી લલીતભાઈ ત્રિવેદીને બાયડના જીતેન્દ્રભાઈ ગુણવંતભાઈ બારોટે ગત તા.૧૩ ફેબ્રુઆરીના રોજ છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી લખાણ લખેલ સ્ટેમ્પમાં સહી કરાવી પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી હતી. જે અંગે જયેશ્વરીબેન ત્રિવેદીએ જીતેન્દ્રભાઈ બારોટ વિરૂધ્ધ ગુરૂવારે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### મોરડ કંપાની સીમમાંથી ડ્રીપ પાઇપ ચોરાઇ

વડાલી તાલુકાના મોરડ કંપાની સીમમાં આવેલ શૈલેષકુમાર ભીમજીભાઈ પટેલ (રહે.વડાલી કંપા) ના ખેતરમાંથી તા.૧૭ ફેબ્રુઆરીની રાત્રે અજાણ્યા શખ્સોએ આવી રૂા.૧૫ હજારની કિંમતની ડ્રીપ ઈરીગેશનના ૨૯ વીટાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે શૈલેષભાઈ પટેલે ગુરૂવારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### હાથમતી નદીના બ્રીજ પાસે બાઈક સ્લીપ ખાતા બાઈકચાલક ઘવાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર એસ.આર.પેટ્રોલ પંપ સામે આડેધડ બનાવેલા બમ્પના કારણે હાથમતી નદીના બ્રીજ પાસે બાઈક સ્લીપ ખાતા બાઈકચાલક ગંભીર રીતે ઘવાયો હતો.ભિલોડા ૧૦૮ એમ્બ્યુલન્સ વાન ધ્વારા ઈજાગ્રસ્ત હાર્દિકભાઈ અમૃતભાઈ રાઠોડ, આશરે ઉંમર વર્ષ-૧૮,રહે.મોટી વાંસળીને કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ભિલોડામાં ઠેર-ઠેર આડેધડ બનાવેલા બમ્પના કારણે વાહન ચાલકો સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી બેસતા હોય છે.જેના કારણે ક્યારેક મોટા અકસ્માતો થવાની સંભાવના સેવાઈ રહી છે.ભિલોડા-ઈડર,ભિલોડા-વિજયનગર ધોરીમાર્ગ ઉપર ઠેર-ઠેર આડેધડ બનાવેલા બમ્પ પહેલાં દિશા સુચક વ્હાઈટ પટ્ટા,દિશાસુચક બોર્ડ ના બનાવેલ હોવાના કારણે અમુક વાહન ચાલકો આ ધોરીમાર્ગો ઉપર ફસાઈ જતા હોય છે.માર્ગ અને મકાન વિભાગના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ઘટતું કરવા વાહન ચાલકો અને પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

# અરવલ્લીમાં બેવડી ઋતુનો અનુભવ : બપોરે ગરમી રાત્રે ઠંડી

## શીતલહેરી તેજ પવનથી ચણા અને ઘઉંનો પાક ઢળી પડતા નુકશાનની ભીતી

મોડાસા, તા. ૨૦

ઉત્તર ગુજરાતમાં શિયાળો પૂર્ણ થવા આવ્યો હોવા છતાં કેટલાક દિવસથી ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાના પગલે છેલ્લા સપ્તાહથી રાત્રીના સમયે શીતલહેરી તેજ પવનોથી ઠંડીનું પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. જ્યારે બપોરના સમયે ગરમીનો પારો ઉંચકાતા બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. શિતલહેરી ભારે પવનથી ઘઉં અને ચણાના ઉભા પાક આડો સોથ વળી જતા ભૂમિપુત્રોના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થવાની સંભાવના વર્તાઈ રહી છે.

ઉત્તર ગુજરાત હવામાનમાં આવેલા એકાએક પલટા સાથે ઉત્તર ગુજરાતમાં આકાશ વાદળછાયુ વાતાવરણ રહેવાની સાથે તેજ ગતિએ પવન ફૂંકાતા અરવલ્લી જિલ્લા સહિત અનેક વિસ્તારોમાં ઘઉં અને ચણાનો પાક ઢળી પડ્યો હતો. ઘઉંના પાક સાથે સાથે ચણાનો પાક આડો સોથ વળી જતા ઘઉં અને ચણાના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થવાની સંભાવનાથી ઉત્તર ગુજરાતના ભૂમિપુત્રોમાં નિરાશા વ્યાપી ગઈ છે. તેમજ સતત વાદળછાયા વાતાવરમથી માવઠાની ભીતીથી ખેડૂતો સહિત ઉત્તર ગુજરાતના પ્રજાજનોમાં ચિંતા પ્રસરી હતી. ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રીના સમયે ઠંડીનો ચમકારો યથાવત રહેતા ગ્રામ્ય જનજીવન પ્રભાવિત બન્યુ છે. અરવલ્લી-સાબરકાંઠામાં મોંઘાદાટ બિયારણ ખરીદી ચણાની ખેતી કરનાર ખેડૂતો તેજ શીતલહેરી પવનોના કારણે ચણાનો પાક બળી જતા ભારે નુકશાની વેઠવાનો વારો આવશે. હવામાન ખાતા પાસેથી પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર હવે આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો જોવા મળે તેવી ઓછી સંભાવના છે. પરંતુ ઠંડીની સિઝન સંપૂર્ણ પુરી થઈ ગઈ છે. તેમ કહેવુ વહેલુ ગણાશે. હિમાચલપ્રદેશમાં હિમવર્ષાનો બીજો રાઉન્ડ શરૂ થાય તો ફરીથી ઉત્તર ગુજરાતમાં કોલ્ડવેવની સ્થિતિ ઉદભવી શકે છે. અન્યથા ગરમીના દિવસો દૂર નથી.





### વડાગામ બસ સ્ટેન્ડ નજીક ગટરમાં મોટુ ગાબડુ

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામના બસસ્ટેન્ડ નજીક મોડાસા-અમદાવાદ રાજ્ય ધોરીમાર્ગની બાજુમાં જવાબ તંત્ર દ્વારા વડાગામના વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલી ગટરના નિર્માણને ગણતરીના મહિનાઓ પણ નથી થયા ત્યારે વડાગામ બસસ્ટેન્ડ નજીક ગાબડુ પડતા અહીથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ ગટરમાં ગરકાવ થઈ જવાની બીકે ભયની લાગણી ફેલાઈ છે. વડાગામના ગ્રામજનોમાં વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલી ગટર હલકી કક્ષાનું માલસામાનનો ઉપયોગ કરી નિર્માણ કરવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

### અંબાજીની બીડી મહેતા કન્યા શાળામાં શુભેચ્છા વિદાય સમારંભ યોજાયો

અંબાજી, તા. ૨૦

યાત્રાધામ અંબાજી ખાતે આવેલી બીડી મહેતા આરાસુરી કન્યા વિદ્યાલયમાં ધોરણ-૧૦ અને ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને શુભેચ્છા સહ વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં કન્યા શાળાના દાતા રૂપાબેન શૈલેષભાઈ મહેતા પરિવાર સાથે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગત વર્ષે ઉત્તીર્ણ થયેલી બાળાઓને સિલ્વર અને ગોલ્ડ મેડલ આપવામાં આવ્યા હતા. જ્યારે શાળાના આચાર્યા દિપીકાબેન વય નિવૃત્ત થતા તેમણે પણ સન્માન પત્ર આપી શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે અંબાજી કેળવણી મંડળના પદાધિકારીઓ અંબાજીના અગ્રણીઓ મોટા પ્રમાણમાં હાજર રહ્યા હતા અંતે કેળવણી મંડળના અધ્યક્ષ રામા અવતાર અગ્રવાલે ખાસ આભાર માન્યો હતો.

# મોડાસામાં મોબાઈલ રીચાર્જ કરાવતી મહિલાઓ માટે ઊંઘ ઉડાવનાર આઘાતજનક કિસ્સો

મોડાસા, તા. ૨૦

મોડાસાના ચાર રસ્તા ઉપર મોબાઈલ રીચાર્જ કરનાર મુસ્લિમ યુવકે હિન્દુ પરિવારની યુવતીના મોબાઈલમાં રીચાર્જ કર્યા પછી યુવતીને વારંવાર એસ.એમ.એસ. મોકલતા યુવતીના પરિવારજનોનું ટોળુ ગુરૂવારની સમી સાંજે ચાર રસ્તા ઉપર ધસી આવતાં મોટુ દંગલ મચી ગયું હતું. ઉશ્કેરાયેલા ટોળાએ ભારે હોબાળો મચાવતા તંગદિલીનો માહોલ ઉભો થતાં બન્ને સમુદાય વચ્ચે મોટો ભડકો થાય તેવી સ્થિતિ પેદા થતાં મોટો પોલીસ કાફલો સ્થળ ઉપર ખડકી દેવાયો હતો. જ્યારે મામલો તંગ જણાતા આસપાસના વેપારીઓ દુકાનોના શટર ટપોટપ બંધ કરી ઘર ભેગા થઈ ગયા હતા. ચાર રસ્તા ઉપર તંગદિલીનો માહોલ સૌ કોઈએ નજરો સમક્ષ જોયો હોવા છતાં આ મુદ્દે પોલીસ દફતરે કશું જ ન નોંધાતા મોટું આશ્ચર્ય ઉભું થયું છે.

મોડાસા તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારની યુવતીએ મોડાસાના ચાર રસ્તા ઉપરની એક દુકાનમાં પોતાના મોબાઈલ ફોનમાં બેલેન્સ કરાવ્યું હતું અને ત્યાર પછી મોબાઈલ બેલેન્સ કરનાર મુસ્લિમ યુવકે યુવતીના નંબર ઉપર પજવણી કરતા એસ.એમ.એસ. શરૂ કરતા યુવતી મનોમન મુંઝવણ અનુભવી રહી હતી. એક તરફી એસ.એમ.એસ.નો મારો ચાલુ રહેતા યુવતીએ સમગ્ર હકીકત પરિવારજનોને જણાવતાં યુવતી અને પરિવારનું ટોળુ આક્રોશ સાથે ચાર રસ્તા ઉપર ધસી આવતાં તંગદિલી છવાઈ હતી. જોત જોતામાં અન્ય લોકોના ટોળા પણ હકિકત જાણવા માટે ઉમટી પડતા એક તબક્કે બે સમુદાય વચ્ચે મોટો ભડકો થાય તેવી સ્થિતિ પેદા થઈ હતી.

યુવતીના પરિવારજનોએ મુસ્લિમ યુવકને બરાબરનો ઘમરોળી નાખતા ટાઉન પોલીસ દોડતી થઈ હતી. જ્યારે સ્થિતિ વધુ સ્ફોટક થાય તેમ જણાતા આસપાસના વેપારીઓ દુકાનો બંધ કરી ઘરભેગા થઈ ગયા હતા. જ્યારે સ્થળ ઉપર પોલીસનો કડક સુરક્ષા પ્રબંધ ઉભો કરાતાં સંવેદનશીલ શહેરમાં મોટો ભડકો થતાં માંડ ટળ્યો હતો. વેપારીને પોલીસ સ્ટેશનમાં રક્ષણ આપી લઈ ગઈ હોવા છતાં આ મુદ્દે કોઈ જ પોલીસ ફરિયાદ નોંધાઈ ન હોવાનું ફરજ પરના પી.એસ.ઓ.એ જણાવ્યું છે.



### બોરીયા ખાતે ચેહરમાતાજીનો પાટોત્સવ અને યજ્ઞ યોજાયો

પ્રાંતિજ તાલુકાના તાજપુર કૂઈ પાસે આવેલ બોરીયા-સીતવાડામાં શ્રી ચેહરમાતાજીનો અગિયારમો પાટોત્સવ તથા નવચંડી મહાયજ્ઞ યોજાયો હતો. જેમાં ૧૬ યજમાનોએ ધર્મ લાભ લીધો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ચેહર માતાજીના મંદિર ખાતે બુધવારના રોજ શ્રી ચેહરા માતાજી રાઠોડ પરિવાર તથા ચેહર માતાજી મંદિર ખાતે અગિયારમો પાટોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં બોરીયા-સીતવાડા ગામ સહિત આજુબાજુમાંથી ધર્મપ્રેમી લોકો ઉપસ્થિત રહ્યા હતા અને દર્શન કરી મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# હિંમતનગરમાં બ્યુટી પાર્લર ચલાવતી પરિણીત યુવતી સાથે દુષ્કર્મ

હિંમતનગર, તા.૨૦

હિંમતનગરમાં બ્યુટી પાર્લરના વ્યવસાય સાથે સંકળાયેલી એક અનુસૂચિત સમાજની પરિણીત યુવતી સાથે તાલુકાના મહાદેવપુરા ગામના યુવકને પ્રેમ સબંધ બંધાયા બાદ યુવકે યુવતીને લગ્નની લાલચ આપી વિવિધ ઠેકાણે શારીરિક સબંધો બાંધ્યા હતા. દરમિયાનમાં યુવકે થોડાક દિવસો અગાઉ લગ્ન કરવાની ના પાડી દઈ યુવતી સાથે બળજબરી પૂર્વક અને મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરતા ભોગ બનનાર યુવતીએ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુરૂવારે યુવક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અનુસૂચિત સમાજની પરિણીત યુવતીની ફરિયાદ આધારે યુવક વિરૂધ્ધ દુષ્કર્મ અને એટ્રોસીટી એક્ટની કલમ અંતર્ગત ગુનો દર્જ કરી યુવકને શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે.

દુષ્કર્મ આચરવાની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર હિંમતનગરમાં બ્યુટી પાર્લરના વ્યવસાય સાથે સંકળાયેલી અનુસૂચિત સમાજની યુવતીના લગ્ન પાંચેક વર્ષ અગાઉ સમાજના યુવક સાથે થયા હતા. લગ્ન જીવન દરમિયાન યુવતીના પરિવારમાં દિકરાનો જન્મ થયો હતો. પરંતુ પતિ-પત્નિ વચ્ચે મનમેળ ઓછો રહેતા બંને અલગ રહેતા હતા. દરમિયાનમાં યુવતીને મહાદેવપુરાના જીગર પટેલ સાથે પ્રેમસબંધ બંધાતા બંને અવારનવાર એકબીજાને મળતા હતા. યુવક જીગરે યુવતીને લગ્ન કરવાની લાલચ આપી તેણીને માઉન્ટ આબુ, અંબાજી, અમદાવાદ, રાજકોટ વિગેરે સ્થળે ફરવા લઈ જઈ હોટલોમાં રહેતા હતા. ઉપરાંત યુવકે વિવિધ સ્થળે યુવતી સાથે શારીરિક સબંધો બાંધ્યા હતા. જેના કારણે યુવતીને ચાર માસનો ગર્ભ રહ્યાનું યુવતીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે.

વારંવાર શારીરિક શોષણ કરી લગ્નની ના પાડી દેનાર યુવક વિરૂધ્ધ યુવતીએ હિંમતનગરના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુરૂવારે ફરિયાદ નોંધાવી હતી. ભોગ બનનાર અનુસૂચિત સમાજની યુવતીની ફરિયાદ આધારે બી-ડીવીઝન પોલીસે મહાદેવપુરાના યુવક જીગર પટેલ વિરૂધ્ધ દુષ્કર્મ સાથે એટ્રોસીટીનો ગુનો દર્જ કરી લઈ સમગ્ર પ્રકરણની તપાસ એસ.ટી.એસ.સી. સેલના નાયબ પોલીસ અધિક્ષકને સોંપી છે.

# ઈડર તાલુકાના સરપંચોનું સંમેલન યોજાયું

હિંમતનગર, તા. ૨૦

ઈડર તાલુકાના સરપંચોનું સંમેલન મંત્રી રમણલાલ વોરાની અધ્યક્ષતામાં ઈડરના ટાઉનહોલ ખાતે યોજાયું હતું.



સરપંચોને સંબોધન કરતા મંત્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર અને જિલ્લા પંચાયત હસ્તકની વિવિધ ગ્રાન્ટોનું આયોજન કરી પોતાના ગામને આદર્શ બનાવવા પ્રયાસ કરવો જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તાલુકા પંચાયના આયોજન તથા આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકાની ગ્રાન્ટમાંથી ગામના રોડ-રસ્તા, ગટરલાઈન અને પીવાના પાણી સહિતની આંતર માળખાકીય સુવિધાઓને પ્રાધાન્ય આપવું જોઈએ. વધુમાં મંત્રીએ ઈડર અને વડાલી તાલુકામાં થયેલા વિકાસના કામોની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, વિધાનસભા ક્ષેત્રમાં રૂ. ૨૫૦૦ કરોડથી વધુના વિકાસકાર્યો કરવામાં આવ્યા છે. આરોગ્યને લગતા ૧૨ નવા પ્રાથમિક અને સામુહિક કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં ઈડરમાં ૧૪૨૩૦ અને વડાલીમાં ૭૨૧૧ મા કાર્ડ અપાયા છે. તો વળી ૪૦૦ કરોડના ગૃહાઈ જળાશયના, ૩૫૦ કરોડથી વધુના ધરોઈ ડાબા કાંઠા તેમજ ૧૦૫૮ લાખના ઉદવહન સિંચાઈ યોજના અમલમાં મુકવામાં આવી છે. તેમણે ઈડર તાલુકામાં રૂ. ૨૨૫.૯૨ કરોડના રસ્તાઓના કામ કરવામાં આવ્યા હોવાનું તેમણે ઉમેર્યુ હતું.

ઈડર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી એકતાબેન પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું.

જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન દિવાનજી, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન શ્રીમતી રતનબેન, પંચાયત સદસ્ય વાલજીભાઈ, ધર્મિષ્ઠાબેન દેસાઈ સહિત ઈડર તાલુકા સરપંચ એસાસિએશનના પ્રમુખ દિનેશભાઈ દેસાઈ જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યઓ તથા સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેન્ક દ્વારા નવી જ્યોતિર્ગમય વીમા યોજનાની જાહેરાત

દેશભરમાં જ્યારે ૭૫ ટકા જેટલા લોકો સ્વાસ્થ્ય પોલીસીથી વંચિત છે. ત્યારે ગુજરાતમાં રાજ્યની તમામ કોઓપરેટીવ બેન્કની વડા કચેરી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ બેન્કે ૭૦૦ થી ૯૦૦ જેટલી બીમારીઓને ધ્યાનમાં રાખીને નવી જ્યોતર્ગમ્ય વીમા યોજનાની જાહેરાત કરી હતી.

આજે અમદાવાદમાં ગુજરાત શહેર કોઓપરેટીવ બેન્કના ચેરમેન અજય પટેલે પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન જણાવ્યું હતું કે રાજ્યની તમામ કો. ઓપરેટીવ બેન્કોમાં અંદાજિત ૧.૫ કરોડ લોકો ખાતેદારો છે. જેમાંથી ઘણાની પાસે સ્વાસ્થ્ય વીમો નથી હતો. એવા સમયે ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ બેન્ક ન્યુ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપનીની સાથે સમન્વય કરીને જ્યોતિર્ગમય વીમા યોજના જાહેર કરી છે.

જ્યોતિર્ગમય વીમા યોજના સંદર્ભે જણાવ્યું હતું કે આ યોજના સ્વાસ્થ્ય અને પર્શનલ એકાઉન્ટન્ટના સમન્વય વાળી યોજના છે. આમાં તમામ કો-ઓપરેટીવ બેન્ક સાથે સંકળાયેલ ખાતેદારો આનો લાભ લઈ શકશે. જેમાં ૧૮ થી ૬૫ વર્ષ સુધી સામાન્ય પ્રિમીયમ અને ૬૫ થી ૭૫ વર્ષના લોકો આમાં ૧૦ ટકા પ્રિમિયમ વધારે ભરીને લાભ લઈ શકશે.

આ યોજનાની મુખ્ય ખાસીયત એ છે કે ડે કરંટથી વીમાની રકમ મલી શકે છે. પરંતુ તેમાં પ્રથમ વર્ષ દરમ્યાન ૫૦ ટકા રકમ જે તે ખર્ચની મલશે. જ્યારે ત્યારબાદ ૧૦૦ ટકા રકમ સ્વાસ્થ્ય માટે કરેલા કર્ચાની મળી શકશે એટલુ જ નહિ પ્રથમ વર્ષ બાદ મેટરનીટી બેનીફીટ પ્રાપ્ત થશે. આ યોજના ત્રણ પ્રકારની છે. જેમાં સિલ્વર, ગોલ્ડ, અને પ્લેટિનિયમ પ્લાન મુકવામાં આવ્યો છે. જે ૨ લાખ, ૩ લાખ અને ૫ લાખનો છે. બીજા સ્વાસ્થ્ય વીમા કરતા આ આખી અલગ પ્રકારની પોલીસી યોજના ૨ અને ૩ લાખના વીમા વાળા માટે ૧.૫ ટકા નોર્મલ રૂમ અને ૩ ટકા આઈસીયુ, જ્યારે ૫ લાખના વીમા માટે ૧.૫ ટકા અને આઈસીયુ માટે ૨.૫ ટકા જૂજ ભાડુ હોસ્પિટલનું મળશે.




પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા સંચાલિત શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલ ખાતે વય મર્યાદાના કારણે નવૃિત્ત થતાં શિક્ષકોનો વિદાય સમારંભ તથા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો હતો. શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલ ખાતે શનિવારના રોજ શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા બી.કે. પટેલ, આર.એસ. પટેલ, આર.કે. પટેલ, ત્રણ શિક્ષકો સરકારી વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા કર્મચારીઓનો ગુરૂવંદના કાર્યક્રમ યોજી વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. સાથે સાથે શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો પણ આવનાર પરીક્ષાને લઈને શુભેચ્છા સમારંભ પણ યોજાયો હતો.